ક્રમાંક:બમશ-૧૧-૨૦૧૧/૬૭૯૭૯૮/ગ
શિક્ષણ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ :૨૫/૪/૨૦૧૨.

પ્રતિ,

કમિશ્નરશ્રી,
શાળાઓની કચેરી,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય,ગાંધીનગર

વિષય: બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓની રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરાવવા અંગે.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે વિભાગના તારીખ: ૩૧/૩/૨૦૧૨ના સમાનક્રમાંકી પત્રથી બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓની રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરાવવા અંગે જરૂરી સૂચના આપવામાં આવેલ પરંતુ નિવૃત થતા કર્મચારીઓના પેન્શન પેપર તૈયાર કરવામાં બિનજરૂરી વિલંબ ન થાય તે માટે સૂચના ક્રમ-૫માં જરૂરી સૂધારો કરવો વહીવટી દ્રષ્ટીએ જરૂરી હોવાથી સુધારો કરી આપવા અંગેના આપના તારીખ: ૧૬/૪/૨૦૧૨ના પત્રક્રમાંક: માધ્યમિક /અનદ-૧/ ભરતી સેલ/ ફાજલ/ ૨૦૧૨/ ૬૯૨૯થી કરેલ દરખાસ્ત ધ્યાને લઇ નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

| ક્રમ | વિભાગે તારીખ: ૩૧/૩/૨૦૧૨ના પત્રથી આપેલ સૂચના ક્રમાંક(૫) | સૂચનાક્રમાંક (૫) માં કરેલ સુધારો |
|---|---|---|
| ૧. | ફાજલ શિક્ષકને પ્રતિનિયુક્તિના ધોરણે ગણવાના રહેશે અને તેઓને માતૃસંસ્થામાંથી નિવૃત કરવાના રહેશે અને આ બાબતે કમિશ્નરશ્રી, શાળાએ જરૂરી સૂચના બહાર પાડવાની રહેશે કે જેથી રોસ્ટર રજીસ્ટર નિભાવવામાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત ન થાય. | ફાજલ શિક્ષક/શિક્ષણ સહાયકને પ્રતિનિયુક્તિના ધોરણે ગણવાના રહેશે અને તેઓ જ્યારે નિવૃત થાય ત્યારે ફાજલ શિક્ષક/શિક્ષણ સહાયક જે સંસ્થામાં ફરજ બજાવે છે તે સંસ્થાએ જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી મારફત ફાજલ શિક્ષક/શિક્ષણ સહાયકની માતૃ સંસ્થાને નિવૃતિ અંગેની જાણ કરવાની રહેશે . આ અંગેની જાણ થયેથી માતૃ સંસ્થાએ ફાજલ |

| | | |
|---|---|---|
| | | શિક્ષક/સહાયક જે કેટેગરીની જગા પર ભરતી થયેલ તે કેટેગરીની જગા ભરવા અંગે આગળની કાર્યવાહી કરવાની રહેશે. જેથી રોસ્ટર રજીસ્ટર નિભાવવામાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય નહીં |

આપનો વિશ્વાસુ,

(જે.એલ. પટેલ)
સંયુકત સચિવ,
શિક્ષણ વિભાગ

નકલ રવાના:

-નાયબ સચિવશ્રી, (રોસ્ટર) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

-શ્રી યોગેશ રાવલ ,ઉપ સચિવશ્રી,(રોસ્ટર) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.

-સિલેકટ ફાઇલ.

ક્રમાંક/માધ્યમિક/અનદ-૧/ભરતીસેલ/ફાજલ/૨૦૧૨/ [illegible]

કમિશનર શાળાઓની કચેરી,
બ્લોકનં. ૯/૧,ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ,ગાધીનગર
તા. ૨/૫/૨૦૧૨

નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:-
પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકાશ્રીની કચેરી,
તમામ

( ઈ. પી. દેસાઈ )
સંયુકત શિક્ષણ-નિયામક
માધ્યમિક
ગુ.રા.,ગાધીનગર